રર્બન પ્રોજેક્ટ અંતર્ગત સમાવેશ કરેલ હોય તેવા ગામોમાં ડ્રેઈનેજ (ગટર વ્યવસ્થા) માળખા સંબંધી ટેન્ડરની સમયમર્યાદામાં વધારો કરવા બાબત

# ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક :પરચ-૧૦૨૦૧૩-૦૯-વ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭/૦૧/૨૦૧૩

**પરિપત્ર :-**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨/૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક : આરએચબી/૧૦૨૦૦૮/૪૪૦/વ થી રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં શહેરો જેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા અને તે પૈકી પ્રથમ તબકકામાં ગંદા પાણીના નિકાલ માટેની ભૂગર્ભ ગટર યોજના (અન્ડ ગ્રાઉન્ડ ડ્રેઈનેજ) ની સવલત પૂરી પાડવાનું નકકી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી સંબંધિત જિલ્લા પંચાયતો ધ્વારા ટેન્ડરો બહાર પાડી કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ જે ટેન્ડરો બહાર પાડવાંમાં આવે છે તેમાં જુદા જુદા કારણોસર બાંધકામની કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા વધારવાની દરખાસ્તો અંગે નિર્ણય લેવાની બાબત વિચારણામાં હતી. સદર બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવે છે.

(૧) કોઈ પણ ટેન્ડર હેઠળના (ભૂગર્ભ ગટર યોજનાના) કામની બાંધકામની સમયમર્યાદા વધારવાની રજુઆત સંબંધિત જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રીને મળે ત્યારે રર્બન યોજનાનું કામ સંભાળતા કાર્યપાલક ઈજનેરશ્રીએ બાંધકામની સમયમર્યાદા વધારવાની જરૂરિયાત અંગે પુરતી ચકાસણી કરી સંપૂર્ણ કારણો અને જસ્ટીફીકેશન સહિતની દરખાસ્ત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અભિપ્રાય સહિત વિકાસ કમિશ્નરશ્રીને મોકલાવી આપવાની રહેશે.

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ ઉપરોક્ત દરખાસ્તની પુરતી ચકાસણી કરી યોગ્ય જણાય તો અભિપ્રાય સહિત આવી દરખાસ્તો પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને મોકલાવી આપવાની રહેશે.

(૩) વિકાસ કમિશ્નરશ્રી તરફથી મોકલવામાં આવતી ઉપર મુજબની દરખાસ્તો અગ્રસચિવશ્રી(પંચાયત)ની મંજૂરી મેળવ્યા બાદ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૩૦/૧/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક : આરએચબી/૧૦૨૦૧૦/૧૨૧/વ થી રર્બન યોજનાના કામો માટે રચાયેલ સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૪) મુદત વધારાની બાબતમાં ઉપરોક્ત તા.૩૦/૧/૨૦૧૨ ના ઠરાવથી રચાયેલી સમિતિનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

રર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ગટર યોજનાના ટેન્ડરોના કામોની સમયમર્યાદા વધારવાની બાબતે ઉપર જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(આઈ.એમ.શેખ)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (પં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર
- હાઉસીગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ,ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ટેકનીકલ કન્સલટન્ટશ્રી, રર્બન પ્રોજેકટ, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ

192Rurban